અપીલ અરજી નં.૧૯૦ તા.૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈએકટ હેઠળ શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા.૩–૭–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ સુભાષનગર ,જેપીનગર,નહેરૂનગર,કતારગામ પટેલવાડી, મુંબઈ માર્કેટ વિગેરે ઝુંપડપટ્ટીનું સ્થળાંતર કોસાડ **EWS** મકાનોમાં કરવામાં આવેલ છે ઉપરોકત વિસ્તારના વર્ષ ૨૦૦૯ ધોરણ ૧ થી ૭ માં ભણતા બાળકોની યાદી અને સંખ્યાની માહિતી તથા કુલ કેટલા માધ્યમોમાં શાળા ત્યાં હતી તેમાં વર્ગખંડ, શિક્ષકો , પાણીની વ્યવસ્થા હતી તે અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૯૦/૨૦૧૦–૧૧

શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા.૩–૭–૧૦ ની **અરજીથી** મુદ્દા નં.૧ સુભાષનગર , જેપીનગર,નહેરૂનગર,કતારગામ પટેલવાડી, મુંબઈ માર્કેટ વિગેરે ઝુંપડપટ્ટીનું સ્થળાંતર કોસાડ **EWS** મકાનોમાં કરવામાં આવેલ છે ઉપરોકત વિસ્તારના વર્ષ ૨૦૦૯ ધોરણ ૧ થી ૭ માં ભણતા બાળકોની યાદી અને સંખ્યાની માહિતી તથા કુલ કેટલા માધ્યમોમાં શાળા ત્યાં હતી તેમાં વર્ગખંડ, શિક્ષકો , પાણીની વ્યવસ્થા હતી તે અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૨ તા.૧૮–૯–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ) તથા અરજદારને અપીલ અરજી લગભગ દિન–૫ ના વિલંબથી કરેલ જે અંગે વાજબીપણું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી તેમજ અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી પૂર્વઝોન વરાછા ખાતે કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/સીવીક/આરટીઆઈ નં.૨૩૪ તા.૫–૭–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)ને તબદીલ કરવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ સુભાષનગર , જેપીનગર,નહેરૂનગર,કતારગામ પટેલવાડી, મુંબઈ માર્કેટ વિગેરે ઝુંપડપટ્ટીનું સ્થળાંતર કોસાડ **EWS** મકાનોમાં કરવામાં આવેલ છે ઉપરોકત વિસ્તારના વર્ષ ૨૦૦૯ ધોરણ ૧ થી ૭ માં ભણતા બાળકોની યાદી અને સંખ્યાની માહિતી તથા કુલ કેટલા માધ્યમો શાળા ત્યાં હતી તેમાં વર્ગખંડ, શિક્ષકો , પાણીની વ્યવસ્થા હતી તેની વિગત આપવામાં આવે. મુદ્દા નં.(૨) હવે તેમનેકોસાડ **EWS** મકાનોમાં ખસેડવામાં આવ્યા છે ત્યાં જે વિસ્તારો ધો.૧ થી ૭ ના બાળકો દાખલ કરવામાં આવેલ છે તેની સરનામા સાથેમાહિતી આપવામાં આવે. મુદ્દા નં.(૩) કોસાડમાં કુલ કેટલી શાળા બનાવવામાં આવેલ ચાલુ હાલતમાં છે કયા માધ્યમમાં શાળા છે? કેટલા વર્ગ ખંડો છે? વિદ્યાર્થીદીઠ કેટલા શિક્ષકોની વ્યવસ્થા કરવામાં આવે છે? શાળામાં ટોયલેટ, બાથરૂમ, પાણી, પીવાની સુવિધા આપવામાં આવેલ છે? તેની માહિતી આપવામાં આવે. તેવા તેવા મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ છે. જે બાબતે અરજદારે જવાબ આપ્યો નથી તેવું જણાવી તા.૮–૯–૧૦ ના રોજ દિન–૫ ના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અપીલ તબકકે આરટીઆઈ સેલ/૭૨૨ તા.૧૮–૯–૧૦ થી અપીલના વિલંબના આધાર અને વાજબીપણું રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદાર તરફથી વિલંબ અંગે આધાર કે વાજબીપણું જણાવવામાં આવેલ નથી. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીના વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે જ અરજદાર પાસેથી જ વિગતો માંગેલ છે. તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે તેવી કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી વાજબીપણાની અનુપસ્થિતિમાં પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં કાયદાનું હાર્દ અને ભાવના ને ધ્યાને રાખી અરજદારની અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ કોઈ અપવાદ રજૂ કરેલ નથી. અરજદારે માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ હેઠળના સરનામા સિવાયની વિગતો વ્યાપક અર્થમાં જાહેર સ્ત્રોત હેઠળની ગણાય. જયારે સરનામાની વિગતો કલમ–૮ (૧) (ક),(જ) કે (ડ) પૈકીના અપવાદ કે કલમ–૧૧ હેઠળ પણ આવી શકે. જેથી તે જાહેર કરતા પૂર્વે વ્યાપક જાહેર હિત ધ્યાનમાં રાખવું રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ હેઠળની સરનામા સિવાયની તમામ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા તથા સરનામા અંગે જરૂર જણાયે કલમ–૧૧ હેઠળની યોગ્ય પ્રક્રિયા હાથ ધરી ઉચિત નિર્ણય લઈ દિન–૧૫ માં અરજદારને યોગ્ય નિર્ણય જણાવવા કે માહિતી પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી .(ન.પ્રા.શિ.સ.)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા,